# પોતાની વિવિધ પ્રકારની 30 સાઇકલો લઈને નીકળે ત્યારે શહેર જોતું જ રહી જાય

74 વર્ષના દિનેશ મશરૂવાળાને નખમાં પણ રોગ નથી. તેમને આ ઉંમરે પણ મેડિસિન લેવાની જરૂર નથી પડી. આનું કારણ તેઓ 50 વર્ષથી 'Health Is Wealth'ના સિદ્ધાંતને જીવનમાં ઉતારી રોજ સાઈકલિંગ અને સ્વિમિંગ કરે છે. તમને SVNIT રોડ, ડુમસ રોડ પર રોજ સવારે સાઈકલિંગ કરતાં સુરતીઓ જોવા મળશે, તેમાં દિનેશ મશરૂવાળા અલગ તરી આવે છે. બીજા સાયકલીસ્ટ પાસે એક, બે અથવા ત્રણ-ચાર સાયકલ હશે પણ દિનેશભાઈ પાસે વિદેશથી ઈમ્પોર્ટ કરવામાં આવેલી 30થી વધુ અલગ અલગ ડિઝાઈનની સાયકલોનો ખજાનો છે. તેઓ જ્યારે વહેલી સવારે ડુમસ રોડ પર સાયકલ ચલાવતા હોય ત્યારે બધાનું ધ્યાન તેમની તરફ ખેંચાતું હોય કારણ કોઈએ પહેલાં જોઈ ના હોય તેવી જુદા જ ટાઈપની સાયકલ પોતાની ધૂનમાં ચલાવતા હોય. અનોખી ડિઝાઈનની એટલે કેવી સાયકલો દિનેશભાઈ પાસે છે, તેઓ કયા દેશમાંથી સાયકલ્સ ઈમ્પોર્ટ કરે છે, એવો ક્યો દેશ છે ત્યાં જઈને તેઓ 100 કિલોમીટર સાઈકલિંગ કરે છે, ચાલો આપણે તેમની પાસેથી જ એમના શોખ વિશે જાણીએ...

CREATIVE માઈન્ડ્સ





## 48 વર્ષ પહેલાં તાઈવાનથી લાવેલી સાયકલ આજે પણ છે

દિનેશભાઈ મુંબઈમાં સ્ટડી કરતા હતાં ત્યારે તેમના રૂમ પાર્ટનર સિગારેટ પીવાના આદિ હતાં. આ સિગારેટનો ધૂમાડો દિનેશભાઈના શ્વાસમાં ચાલ્યો જતો જેને કારણે તેમના ફેફસામાં એક રૂપિયાના સિક્કા જેટલુ કાણું પડ્યું હતું. ત્યારે વેલ્થ ઈઝ નોટ હેલ્થ પણ હેલ્થ ઈઝ વેલ્થના આ સિદ્ધાંતને દિનેશભાઈએ અપનાવી રોજ સાઈકલિંગ અને સ્વિમિંગનો શોખ કેળવ્યો. તેમણે 1980ની આસપાસ તાઈવાનથી તેમની ફર્સ્ટ સાયકલ ઈમ્પોર્ટ કરી. આ સાયકલ આજે પણ તેમણે સાચવી રાખી છે. તેઓ જ્યારે પણ સાઉથ કોરિયા જાય છે ત્યાંથી સાયકલ ઈમ્પોર્ટ કરે છે. તેમના ઘરમાં જ્યાં નજર પડે ત્યાં અનોખી ડિઝાઈનની સાયકલ જોવા મળે છે.



## સ્વિમિંગ કરવા પણ સાયકલ પર જાય

દિનેશભાઈ જ્યાં જાય ત્યાં મોટાભાગે સાયકલ પર જવાનું પ્રિફર કરે. તેમણે જણાવ્યું કે મારું રહેવાનું સલાબતપુરામાં છે. હું ત્યાંથી સાયકલ પર કોઝવે સ્વિમિંગ કરવા રોજ જાઉં છું. મોટાભાગે રવિવારે ડુમસ રોડ પર સાઈકલિંગ કરું છું. સાયકલ પર ગોવા પણ ગયો છું અને સાપુતારા પણ ગયો છું. તેમણે તેમની પત્ની અને દીકરી સાથે જાપાનનો પ્રવાસ કર્યો હતો ત્યારે 15 દિવસ તેઓ સતત ટ્રેન અને બસમાં જ રહ્યાં એટલે લોકો તેમને જાપાનના નામથી પણ ઓળખે છે.





## ત્રિકોણાકાર, ફોલ્ડ થઈ શકે, ગોલ્ડ પ્લેટેડ વ્હીલ વાળી સાયકલ

દિનેશભાઈએ જણાવ્યું કે, હું કોઈ વ્યક્તિ મારી પાસે સાયકલ માંગે તો એક પણ રૂપિયો લીધા વગર સાયકલ આપવાની વૃત્તિ રાખું છું. સાઉથ કોરિયાથી નેધરલેન્ડ બનાવટની સુતા સુતા ચલાવતા હોય તેવી હેન્ડમેડ સાઈકલ લાવ્યા હતાં. આ સાયકલ ચલાવો ત્યારે બિલ્ડીંગ અને વૃક્ષ ખૂબ ઊંચા દેખાતા હોય તેવો અહેસાસ થાય.180થી વધારે જોવા માટેનું ફોક્સ મળે છે. જાપાનની સાયકલમાં ગોલ્ડ પ્લેટેડ વ્હીલ છે. ત્રિકોણાકાર ડિઝાઈનની, ફોલ્ડ કરી શકાય તેવી ડિઝાઈનની, વિયેતનામ દેશની બનાવટની લાકડાની સાયકલ, તેમનું ડોગી બેસી શકે તેવી સીટની પણ સાયકલ તેમની પાસે છે.



## સાઈકલિંગ માટે 30થી 40 વખત સાઉથ કોરિયા ગયા

74 વર્ષની વયે પણ સાઈકલિંગ અને સ્વિમિંગથી તંદુરસ્ત રહેતાં દિનેશભાઇએ જણાવ્યું કે હું સાઈકલિંગ કરવા સાઉથ કોરિયા 30થી 40 વખત જઈને આવ્યો છું. ત્યાં 100-100 કિલોમીટર સાયકલ ચલાવું. અહીં સાઇકલીસ્ટ માટે ખૂબ સરસ સાયકલ ટ્રેક છે. મારી એક સાયકલમાં ચલાવતા મુવી જોવાની અને ફિલ્મી સોંગ્સ સાંભળવાની સગવડ છે. વર્ષો પહેલાં ઇલેક્ટ્રિક બાઇસીકલ પણ વસાવી હતી.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## 'દુખે પેટને કૂટે માથું', 11 વાગ્યે બંધ કરાવવા પોલીસે તો આખું ગામ માથે લીધું'

ક્રાઈમને રોકી નથી શકતી પોલીસ અને ગુનેગારોને સીધા કરી શકતી નથી પોલીસ, ખુદ સરકાર આખી રાત દુકાન ચલાવવા આપી રહી છે મંજૂરી, છતાં ચાલે છે માત્ર પોલીસની જ મરજી... 11 વાગ્યે સાઈરન વગાડતી પોલીસ પહોંચે છે અને લારીનો સામાન ઉલાળે છે, ખાતા-પીતા લોકોને ભગાડે છે અને જોર-જુલમથી બંધ કરાવે છે... તાનાશાહી કરવાને બદલે પોલીસે જોવા જોઈએ કાયદો અને વ્યવસ્થા, આમ થશે તો જ વધતી ગુનાખોરી અટકશે અને શહેરની બદલાશે અવસ્થા...

જનરેશન Y

તમને જો કોઈ ઊંધું (રિવર્સ ) દોડવાનું કહે અને તે પણ 10થી 15 કિલોમીટર તો? તમે આશ્ચર્યથી બોલશો આ તો ઈમ્પોસીબલ છે, પણ તમને જાણીને નવાઈ લાગશે કે મોડા ઉઠવા ટેવાયેલા અને હેલ્થ તરફ બેફિકર રહેતા સુરતીઓને ફિટ રહેવા 29 વર્ષનો એક યુવાન અનોખી રીતે મેસેજ આપી રહ્યો છે. તે 10થી 15 કિલોમીટર ઊંધું (રિવર્સ) દોડીને હેલ્થ ઈઝ વેલ્થનો સંદેશો આપે છે. જ્યારે તે રોડ પર ઊંધું (Backwards) દોડે ત્યારે લોકો આ યુવકને પાછું વળી વળીને જુએ છે અને આવું કેમ દોડે છે તેવા સવાલ કરતા હોય છે. ઊંધું દોડવું કોઈ બચ્ચાના ખેલ નથી કલાકોની પ્રેક્ટિસ અને શરૂઆતમાં પગની એન્કલમાં અસહ્ય દુખાવો પણ સહન કરવો પડે, પણ કહેવાય છે ને મન હોય તો માળવે જવાય બસ આ કહેવતને ગળે ઉતારી આ યુવાને ઊંધું દોડવામાં મહારથ હાંસલ કરી. આ યુવાન તમને પાલ ગૌરવ પથ રોડ પર, પાલ લેક ગાર્ડનમાં સીધુ અને ઊંધું દોડતા અને વિવિધ વર્કઆઉટ કરતા જોવા મળશે. આ યુવાને ક્યારથી રિવર્સ દોડવાનું સ્ટાર્ટ કર્યું, તે એવી જગ્યા પર પણ દોડે છે જ્યાં માંડ ત્રણ-ચાર વ્યક્તિ ઉભી રહી શકે કે હલનચલન કરી શકે તો આ કઈ જગ્યા છે જ્યાં પણ તે દોડી શકે છે, રિવર્સ દોડવાની તે મહિનાઓથી પ્રેક્ટિસ કરી રહ્યો છે તો કેમ? ચાલો આ યુવાન પાસેથી જ આ સવાલોના જવાબ મેળવીએ....

# આ યુવાન ઊંધું દોડીને સુરતીઓને ફિટ રહેવા આપે છે મેસેજ

## કોને જોઈને અને કેમ રિવર્સ દોડવાનું સ્ટાર્ટ કર્યું



હરિશકુમારે જણાવ્યું કે, સાર્થક મલાની રિવર્સમાં લોન્ગેસ્ટ 68 કિલોમીટર દોડ્યા છે. તેમનાથી ઇન્સપાયર્ડ થઈને મેં આ રીતે રિવર્સ દોડવાનું સ્ટાર્ટ કર્યું. શરૂઆતમાં પગના એન્કલમાં અસહ્ય દુખાવો થયો તો મેં 5 દિવસનો બ્રેક લીધો છતાંય દુ:ખતું હતું પણ પેઇનને મેં અવગણીને ફરી ઊંધા દોડવાનું સ્ટાર્ટ કર્યું. સાર્થક મલાનીને જ્યારે મારા વિશે ખબર પડી ત્યારે તેમણે મને કહ્યું હતું કે, હું સુરત આવીશ ત્યારે આપણે બંને મેરાથોન દોડમાં રિવર્સ દોડીશું. હું હાલ્ફ અને ફૂલ મેરેથોનમાં રિવર્સ દોડવા માંગુ છું એટલે હું રિવર્સ દોડવાની પ્રેક્ટિસ કરું છું.

## દુકાનમાં પણ 5 કિલોમીટર દોડે છે



હરીશકુમાર મેડિકલ સ્ટોરમાં જોબ કરે છે. તેઓ મહિનામાં એકવાર દુકાનમાં 5 કિલોમીટર દોડે છે. તેમણે જણાવ્યું કે હું સીધું પણ દોડું છું. સવારે સાડા સાતથી રાત્રે 11.30 સુધી જોબ કરે. રાત્રે 12.30 વાગે ઊંઘે અને બીજા દિવસે સવારે 5 વાગે ઉઠીને રનિંગ અને વર્કઆઉટ કરે. તેઓ પાલ લેક ગાર્ડનમાં ફુલ બોડી એક્સરસાઇઝ કરે છે. ડાયટ ફૂડ અને રનિંગ તથા વર્કઆઉટથી તેમણે પોતાને ફિટ બનાવ્યા છે.




## અઠવાડિયાના ત્રણ દિવસ રિવર્સ દોડે છે

હરીશકુમાર ટેલર છેલ્લાં ત્રણેક મહિનાથી અઠવાડિયામાં ત્રણ દિવસ ઊંધું દોડે છે. સોમવારે 15 કિલોમીટર, મંગળવાર અને શનિવારે 10-10 કિલોમીટર પાલ ગૌરવપથ રોડથી SVNIT સુધી ઊંધું દોડે છે અને ત્યાંથી ફરી ગૌરવપથ રોડ પર આ રીતે જ દોડતા દોડતા રિટર્ન થાય છે. જો રિટર્ન ના થવું હોય તો એરપોર્ટ સુધી આ રીતે રિવર્સમાં દોડે છે. 10 કિલોમીટર રિવર્સ દોડવામાં તેને એક કલાક અને 11 મિનિટ લાગે છે. 15 કિલોમીટરની આ દોડમાં તેને એક કલાક 45 મિનિટ લાગે છે.

## તેઓ છેલ્લે 51 કિલોમીટર સીધા દોડ્યા હતા, એવોર્ડ પણ મળ્યા

હરિશકુમારે 4 વર્ષ પહેલા ફોરવર્ડ રનિંગ એટલે કે, સીધા દોડવાનું શરૂ કર્યું હતું. તેઓ પહેલાં રોજ એવરેજ 10 કિલોમીટર સીધા દોડતા હતા. હવે તેઓ દર અઠવાડિયે શનિવારના દિવસે 21 કિલોમીટર ફોરવર્ડ રનિંગ કરે છે. તેમને ફોરવર્ડ રનિંગમાં એવોર્ડ મેળવ્યો છે. ગત 26 જાન્યુઆરીએ તેમણે 53 કિલોમીટર ફોરવર્ડ રનિંગ કર્યું હતું.



**સુરતના વેડરોડ પર આવેલા મોટા બહુચરાજીનું મંદિર કે જ્યાં પેઢીઓથી સીમંતિનીઓના સીમંત પ્રસંગ થયા છે. આ વાવનાં પાણીમાં સૂરતીઓની શ્રદ્ધા સાથે માતાજીનું સત્ ભળેલું છે કે આ વાવનું પાણી ક્યારેય આટલા વર્ષોમાં ખાલી થતા નથી જોયું. જાણો આ મંદિરનો રસપ્રદ ઈતિહાસ અને વાવનું મહત્વ...**

# બહુચરાજી : સૂરતનું એક અનન્ય શ્રદ્ધાસ્થળ



વિસરાયેલો વારસો
તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ
વિમ્મી વિષ્ણુ ચેવલી

સામાન્ય રીતે વાવ ગામમાં પાદરે, વટેમાર્ગુ કે પગરસ્તાના કાંઠે જોવા મળે. જે ગામો કે શહેરો પ્રાચીનકાળથી નદી કે તળાવના કાંઠે વસ્યા હોય તેવા ગામ કે શહેરોમાં વાવનું પ્રમાણ વધુ જોવા મળે. એક સમયે સૂરતમાં પણ ઘણી વાવ હતી. પણ આજે ગણીગાંઠી જ વાવ અસ્તિત્વમાં છે. પાણીનું લોકજીવનમાં ધાર્મિક ભાવથી પણ ઘણું મહત્વ રહ્યું છે. આ પાછળ વડવાઓની એવી દૂરદ્રષ્ટિ હોવી જોઈએ કે જો પાણીના સંગ્રહસ્થાન સાથે ધાર્મિક લાગણીઓ જોડી દેવામાં આવે તો સ્વચ્છતા જળવાય રહે અને પાણી જેવી અમૂલ્ય સંપત્તિનો બગાડ ઓછો થાય..

સૂરતમાં આવેલી એક એવી વાવ જે બહુચરાજી માતાના મંદિરની અંદર આવેલી છે. આ મંદિર વેડરોડ પર આવેલું છે અને સૂરતીઓ તેને 'મોટા બહુચરાજીના મંદિર' તરીકે ઓળખે છે. સૂરતની ખત્રી અને મોઢ વણિક જ્ઞાતિમાં એવો રિવાજ છે કે જે સીમંતિનીનું સીમંત હોય તેમનો ખોળો આ મંદિરમાં ગોરાણીમા ભરે પછી જ ઘરે જઈને સીમંતની વિધિ કરવામાં આવે છે. આ રીતે માતાના આશીર્વાદ લેવાની પ્રથા છે અને આ પ્રથા એટલી જૂની છે કે પેઢીઓથી આ મંદિરમાં સ્ત્રીઓનાં ખોળા ભરવાની ધાર્મિક વિધિ કરવામાં આવે છે. આ વાવ અને મંદિરની સ્થાપના પાછળની કથા પણ બહુ રસપ્રદ છે. ઉત્તર ગુજરાતથી બેચર નામનો વણઝારો પોઠ ભરીને સુરત આવ્યો. પોઠ એટલે કે પ્રાણીઓની પીઠ પર ડાબે અને જમણે ભાર રહે તે રીતે માલસામાન ભરીને લઈ જવાતો અને તેનો વેપાર થતો. ત્યાં તેમને લોહાજી નામના બીજા વણઝારાનો ભેટો થયો. તે રાંદેર જવા માંગતો હતો. પહેલાં રાંદેર અને સુરત બે અલગ ગણાતા હતા. લોહાજીએ બેચરને સાથે આવવા આગ્રહ કર્યો. આ સાંભળી બેચરની પુત્રી બહુચરાએ તેમના પિતાને રાંદેર જવાનો સાફ ઈન્કાર કર્યો. બહુચરાની મનાઈ છતાં હઠાગ્રહી લોહાજી ત્યાં રાંદેર ગયા અને તેમને નવાયતાઓએ લૂંટી લીધા. એ રડતો આ નાનકડી દીકરી બહુચરા પાસે આવ્યો અને તેને પગે લાગ્યો. બહુચરાએ તેના પિતા પાસેથી ધન અપાવી લોહાજીને વિદાય કર્યો. એ જ રાત્રે બેચરને રાત્રે સ્વપ્નમાં માતાજીએ આવી કહ્યું, "તને મેં લૂંટાતો બચાવ્યો છે. હવે તું એ ધનનો સદ્વ્યય કર અને મારું મંદિર બનાવ." બેચરને માતાજીની આજ્ઞા શિરોમાન્ય હતી પણ સ્થળ નક્કી કેવી રીતે કરવું? તેનો વિચાર કરતો તે સૂઈ ગયો. બીજી રાત્રિએ માતાજીએ તેને સ્વપ્નમાં આદેશ આપ્યો કે, "તને જે મણિધર નાગ દેખાય તેની પાછળ ચાલજે, તે નાગ જ તને રસ્તો દેખાડશે." માતાજી પર શ્રદ્ધા રાખી બેચરને જ્યારે મણિધર નાગ દેખાયો તે તેની પાછળ ચાલ્યો, નાગે વનરાજીમાં ચક્કર ચાલાવ્યું અને એક સ્થળે સમાઈ ગયો. વણઝારાએ જ્યાં નાગ સમાઈ ગયો ત્યાં વાવ ખોદાવી અને ત્યાં મંદિર બનાવ્યું.

જે જગ્યાએ વાવ ખોદાતી હતી એ જ જગ્યાએ ત્રણ મૂર્તિઓ નીકળી હતી. જે મોટું મુખ નીકળ્યું તે મા બહુચરાજી... મા બહુચરાજીની સામે મા અંબાજીની મૂર્તિ છે. આ બે મૂર્તિઓ વાવની અંદર આવેલી છે. જ્યારે ઉપર મા નવદુર્ગાની મૂર્તિ છે. ત્યાં દ્વાર પર મહાબલિ હનુમાનજીની મૂર્તિ છે. આ મૂર્તિઓની જ્યારે પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે તેમને સ્થિત કરવા સીસાં કે ચૂના કશાનો ઉપયોગ થયો નથી. આ મૂર્તિઓ આમ જ ચમત્કારિક રીતે સ્થિત થઈ ગઈ છે એવી વાયકા છે.

**જ્યારે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે બેચર વણઝારાની દીકરીના શરીરમાંથી જ્યોતિ નીકળી અને માતાજીની મૂર્તિમાં સમાઈ ગઈ અને તે દીકરી નિષ્પ્રાણ થઈ ગઈ**



પણ જ્યારે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે બેચર વણઝારાની દીકરીના શરીરમાંથી જ્યોતિ નીકળી અને માતાજીની મૂર્તિમાં સમાઈ ગઈ અને તે દીકરી નિષ્પ્રાણ થઈ ગઈ. પેલા વણજારાને થયું કે તેનાથી કોઈ ભૂલ થઈ ગઈ કે શું? પણ એ દીકરી જ સ્વયં શક્તિસ્વરૂપ મા બહુચરા હતા.

આ મંદિરનો હાલ જ જીર્ણોદ્ધાર થયો છે. સૂરતીઓની આ માતાજી પર શ્રદ્ધા અજોડ છે. ઘણી જ્ઞાતિઓમાં વર્ષમાં એક વાર સહકુટુંબ આ મંદિરમાં માતાજીનો થાળ ભરવામાં આવે છે; એવી ભાવના સાથે કે કુટુંબમાં સંપ અને સુખ-સમૃદ્ધિ રહે... જય મા બહુચરા!

વારસાની વરિયાળી

**બેચર વણઝારાની દીકરીની સમાધિ આજે પણ એ મંદિરના પરિસરમાં બે હવન કુંડ વચ્ચે આવેલી છે અને ત્યાં આજે પણ એ સમાધિની આજુબાજુ ગરબા કરવામાં આવે છે...**